# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર :–**

**વિષયઃ સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૬, સેમેસ્ટર ૫(પુરક પરીક્ષા) તથા અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર ૨ અને ૪ની પરીક્ષાના આયોજન અંતર્ગત ઓનલાઈન અથવા ઓફલાઈન પરીક્ષાની પસંદગી બાબત**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ,સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૬, સેમેસ્ટર ૫(પુરક પરીક્ષા) તથા અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર ૨ અને ૪ની પરીક્ષાનું સંભવિત આયોજન જુલાઈ ૨૦૨૧ના પ્રથમ સપ્તાહમાં વિચારણા હેઠળ હોય, કોવિડ–૧૯ની પરિસ્થિતીને ધ્યાને લઈ માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને લઈ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પરીક્ષા અથવા ઓફલાઈન પરીક્ષાની પસંદગી માટે ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ http://bknmu.gipl.net વેબસાઈટ પર તા.૧૮/૦૬/૨૦૨૧ થી તા.૨૨/૦૬/૨૦૨૧ રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી ઓનલાઈન અથવા ઓફલાઈન પરીક્ષા અંગેની પસંદગી કરી શકશે. વિદ્યાર્થીઓ દ્વારા પસંદગી કરેલ વિકલ્પની વિગતો અનુસંધાને યુનિવર્સિટી દ્વારા પરીક્ષા પધ્ધતિ અંગેનુ વિગતવાર આયોજન વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

**કા.કુલસચિવ**

નં. :બીકેએનએમયુ/પરીક્ષા/૯૭૮/૨૦૨૧
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૧૭/૦૬/૨૦૨૧

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ,સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ તમામ વિદ્યાર્થીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
**નકલ સાદરરવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧.આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)

# <u>ઓનલાઈન પોર્ટલ અંગેની માર્ગદર્શક સૂચનાઓ</u>

૧. સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ વેબપોર્ટલ http://bknmu.gipl.net/Welcome.aspx માં જઈ સ્ટુડન્ટ કોર્નર ટેબ માંથી Student Examination Survey લિન્ક પર ક્લિક કરતા " Student for UG Semester-6, PG, LLB and B.Ed. Examination Survey" પર વિદ્યાર્થી તેમનો Enrollment No./Student Permanent ID નાખવાનો રહેશે.

૨. ત્યારબાદ વિદ્યાર્થીની માહિતી જેવી કે વિદ્યાર્થીનું નામ, તેની કોલેજનુ નામ તેમ જ તેની પરીક્ષાનું નામ આવી જશે.

૩. ત્યારબાદ વિદ્યાર્થી એ પોતાનો મોબાઈલ નંબર નાખવો.

૪. જો UG Semester-6, UG Semester-5(Rem), PG Semester, LLB Semester and B.Ed. Semester નો વિદ્યાર્થી ઓનલાઈન/MCQ પરીક્ષા આપવા ઈચ્છતો હોય તો તેને વિકલ્પ ૧ સિલેક્ટ કરવું.



૫. જો UG Semester-6, UG Semester-5(Rem), PG Semester, LLB Semester and B.Ed. Semester નો વિદ્યાર્થી ઓફલાઈન/લેખિત પરીક્ષા આપવા ઈચ્છતો હોય તો તેને વિકલ્પ ૨ સિલેક્ટ કરવું.


Bhakta Kavi Narsinh Mehta University

Recognized by a 'State University', Under Gujarat Act No. 23 of 2015

Campus Management System

The complete ERP Solution

Student for UG Semester -6,UG Semester -5 (Rem), PG, LLB and B.Ed. Examination Survey

* Enrollment / Student Permanent ID :

* College :

StudentName :

* Exam :

* Mobile No :

વિકલ્પ ૧ : હું ઓનલાઈન /MCQ પરીક્ષા આપવા સમહતી દર્શાવું છું.

વિકલ્પ ૨ : હું ઑફ્લાઈન/લેખિત પરીક્ષા આપવા સમહતી દર્શાવું છું.

Submit

નોંધ - વિદ્યાર્થી દ્વારા ઉપર્યુક્ત પૈકી કોઈ પણ એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

Designed & Developed by Guj Info Petro Limited.

૬. ત્યારબાદ વિદ્યાર્થીએ Submit ક્લિક કરી પોતાની સહમતી દર્શાવવાની રહેશે.

**નોંધ:** ૧. જે વિદ્યાર્થી એક કરતા વધુ પરીક્ષા માટે બેસવાના હોય તેમને પરીક્ષા પસંદગીમાં એક જ વાર પસંદગી કરવાની રહેશે. વિદ્યાર્થી દ્વારા કરેલ પરીક્ષા પસંદગી તેની બીજી પરીક્ષા માટે પણ તે જ રહેશે. વિદ્યાર્થીએ એક કરતા વધુ પરીક્ષા માટે અલગ અલગ પસંદગી કરવાની રહેતી નથી. જેની વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.

૨. વિદ્યાર્થીએ વિકલ્પ ૧ અથવા વિકલ્પ ૨ પૈકી કોઈ પણ એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે. વિદ્યાર્થી વિકલ્પ ફક્ત એક જ વાર ભરી શકે છે અને ત્યારબાદ બદલી શકાતો નથી. તેથી, વિદ્યાર્થીઓએ વિકલ્પ સાવચેતીથી ભરવો.